રોહિતના ઘટનાક્રમથી અગરકરની નોકરી જોખમમાં

રોહિત શર્માને હટાવવા માગતા અજીત અગરકરને જ હવે બદલીને ત્યાં લક્ષ્મણને બેસાડવાની સંભાવના

બીસીસીઆઇ દ્વારા અજીત અગરકરને હવે વધુ એક્સટેન્શન આપવામાં આવે તેવી કોઇ સંભાવના નથી

નવી દિલ્હી, તા. 05 : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) માં પસંદગી સમિતિના વડા અજિત અગરકરનો કાર્યકાળ હવે આગામી એક મહિનાની અંદર સમાપ્ત થઈ શકે છે, અહેવાલો સૂચવે છે કે બોર્ડના ટોચના અધિકારીઓ તેમની જગ્યાએ બેંગલુરુમાં સેન્ટર ઓફ એક્સેલન્સના વર્તમાન વડા વીવીએસ લક્ષ્મણને નિયુક્ત કરવાની યોજના બનાવી રહ્યા છે .

અગરકરનો કરાર જૂન 2026માં સમાપ્ત થવાનો હતો, પરંતુ બોર્ડ દ્વારા તેમને ત્રણ મહિનાનું એક્સટેન્શન આપવામાં આવ્યું હતું. તે પછી એવી અપેક્ષા રાખવામાં આવી રહી હતી કે ભૂતપૂર્વ ઝડપી બોલરને વધુ એક એક્સટેન્શન મળશે જે તેમને 2027 વન ડે વર્લ્ડકપના સમાપન સુધી અધ્યક્ષ પદ પર રાખશે. જોકે, છેલ્લા કેટલાક મહિનાઓથી ખાસ કરીને ઈંગ્લેન્ડ પ્રવાસમાં સર્જાયેલા રોહિત શર્માના ભાવિ અંગેના નાટ્યાત્મક ઘટનાક્રમથી પરિસ્થિતિ જટિલ બની ગઈ છે. તે સમયે ઈંગ્લેન્ડ સામેની ત્રણ મેચની વનડે સીરિઝની લોર્ડસ વન ડે રોહિતની છેલ્લી મેચ બનશે એવું કહેવાયું હતું. અને અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિએ ગૌતમ ગંભીરની આગેવાની હેઠળની ટીમ મેનેજમેન્ટ સાથે રોહિતને આગામી કાર્યોમાંથી બહાર રાખવા અંગે વાત પણ કરી લીધી હતી. એવું પણ જાણવા મળ્યું છે કે ભારતીય ટીમના મેનેજમેન્ટ અધિકારીઓ રોહિતને 2027ના વન ડે વર્લ્ડકપમાં રમાડવા માંગતા નથી.

જોકે, એક અણધાર્યો વળાંક ત્યારે આવ્યો જ્યારે લોર્ડસની એ મેચ પહેલા બીસીસીઆઈ સેક્રેટરી દેવજીત સૈકિયાએ પણ મુખ્ય પસંદગીકાર અગરકર સાથે વાત કર્યા વિના એક નિવેદન બહાર પાડ્યું, જેમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે રોહિત જ્યાં સુધી રમશે ત્યાં સુધી ટીમની યોજનાઓનો ભાગ રહેશે અને તે પછી રોહિતે લોર્ડસમાં સદી ફટકારી હતી.

BCCIના રોહિત સંબંધી વલણથી પસંદગીકારોને પોતાની સાથે દગો થયાની લાગણી થઇ

ઈંગ્લેન્ડ પ્રવાસની વન ડે સીરિઝ દરમિયાન લોર્ડસમાં રમાનારી વન ડે પહેલા પસંદગીકારો અને ટીમ મેનેજમેન્ટે રોહિત શર્માને જાણ કરી હતી કે તે 2027 વન ડે વર્લ્ડકપ માટે તેમની યોજનાઓનો ભાગ નથી અને લોર્ડસ વન ડે તારી છેલ્લી મેચ હશે. જોકે, થ્રીજી વન ડેના બે દિવસ પહેલા બીસીસીઆઇ સેક્રેટરી દેવજીત સૈકિયાએ જાહેરમાં પુષ્ટિ આપી કે ભૂતપૂર્વ કેપ્ટન ટીમની યોજનાઓમાં નિશ્ચિતપણે જોડાયેલો છે. તે પછી લોર્ડસમાં રોહિતની સદી અને સૈકિયાના નિવેદનના ઘટનાક્રમથી અજિત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિ અને બીસીસીઆઇના ટોચના અધિકારીઓ વચ્ચે તણાવ પેદા કર્યો છે. સૈકિયાની ટિપ્પણી બાદ, પસંદગી સમિતિને પોતાની સાથે દગો થયો હોવાનું અનુભવ્યું હતું.

ભારતના ઇંગ્લેન્ડ પ્રવાસમાં પરાજય સંબંધિત સમીક્ષા બેઠક સૈકિયા બિમાર હોવાથી ન મળી

બીસીસીઆઈએ આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડમાં દસમાંથી આઠ મેચમાં થયેલા પરાજય માટે સમીક્ષા બેઠકનું આયોજન કર્યું હતું, પરંતુ તે હજુ સુધી થઈ નથી. આ બેઠક ઈંગ્લેન્ડ પ્રવાસ પછી યોજાવાની હતી, પરંતુ ટીમ સમીક્ષા પૂર્ણ થયા વિના બે મેચની ટેસ્ટ સીરિઝ માટે શ્રીલંકા જઈ ચૂકી છે. અહેવાલ મુજબ, સૂત્રોને ટાંકીને, સમીક્ષા બેઠક થઈ ન હતી કારણ કે સૈકિયા બીમાર છે. સમીક્ષા બેઠક ભવિષ્યમાં થવાની ધારણા છે, જેમાં ગંભીર વર્ચ્યુઅલી જોડાશે. જે તે સમયે સૈકિયાએ કહ્યું હતું કે આ સમીક્ષા બેઠક ફક્ત ટીમના પ્રદર્શન અને ખામીઓ કેવી રીતે સુધારી શકાય તેના પર નિર્ભર રહેશે. અન્ય કંઈપણ ચર્ચા નહીં થાય.

CWG ધ્વજ મુખ્યમંત્રીને સોંપાયો, 2030ની તૈયારીની પ્રતીકાત્મક શરૂઆત

કોમનવેલ્થ ધ્વજ આગામી પાંચ વર્ષ માટે ગુજરાતમાં ખેલાડીઓ માટે પ્રેરણાનું કેન્દ્ર બનશે : હર્ષ સંઘવી

ગાંધીનગર, તા. 05 (પીટીઆઈ) : અમદાવાદમાં 2030 ગેમ્સની તૈયારીઓની પ્રતીકાત્મક શરૂઆત સ્વરૂપે આજે બુધવારે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ઔપચારિક રીતે કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ સોંપવામાં આવ્યો હતો. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ માત્ર યજમાનીનું પ્રતીક નથી, પરંતુ વિશ્વાસ, એકતા, મિત્રતા અને રમતગમતના ઉચ્ચ આદર્શોના વારસાનું પ્રતિક છે. આગામી પાંચ વર્ષ દરમિયાન આ ધ્વજ ગુજરાતમાં ખેલાડીઓ માટે પ્રેરણાનું કેન્દ્ર બનશે

ગ્લાસગોથી પરત ફર્યા બાદ, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અહીં કેબિનેટ બેઠક દરમિયાન પટેલને ધ્વજ સોંપ્યો. સંઘવી, બે વખતના ઓલિમ્પિક્સ મેડલિસ્ટ નીરજ ચોપરા અને ભારતીય ઓલિમ્પિક્સ એસોસિએશનના પ્રમુખ પીટી ઉષા સાથે, ગ્લાસગોમાં કોમનવેલ્થ ગેમ્સના સમાપન સમારોહમાં હાજર હતા જ્યાં આગામી યજમાન તરીકે ભારતને કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ સોંપવામાં આવ્યો હતો.

એક સરકારી રિલિઝ અનુસાર નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અહીં રાજ્ય મંત્રીમંડળની બેઠક દરમિયાન સંપૂર્ણ આદર અને ગૌરવ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ ઔપચારિક રીતે સોંપ્યો. ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનારા પેરા એથ્લેટ્સ રાકેશ ભટ્ટ અને રોહિત મજગુલ પણ હાજર હતા. પેરા ટેબલ ટેનિસ ખેલાડી સોનલ પટેલ પણ આ સમારોહમાં હાજર રહી હતી.

ભારત સામે ટેસ્ટ સિરીઝ પહેલા ઓસ્ટ્રેલિયા કોઈ પ્રોક્ટિસ મેચ નહીં રમે

હેડ કોચ મેકડોનાલ્ડના મતે તેના બદલે ભારતીય ઉપખંડ જેવી પરિસ્થિતિમાં ટૂંકો તૈયારી કેમ્પ યોજવો વધુ ઉપયોગી રહેશે

મેલબોર્ન, તા. 05 (પીટીઆઈ) : ઓસ્ટ્રેલિયાના હેડ કોચ એન્ડ્રુ મેકડોનાલ્ડે ખુલાસો કર્યો છે કે તેમની ટીમ આવતા વર્ષે ભારત સામે રમાનારી હાઈ-પ્રોફાઈલ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પહેલાં કોઈ પ્રોક્ટિસ મેચ નહીં રમે. તેના બદલે ભારતીય ઉપખંડ જેવી પરિસ્થિતિઓમાં જ એક ટૂંકી તૈયારીનો કેમ્પ યોજવો વધુ ઉપયોગી રહેશે. આ બહુપ્રતિક્ષિત પાંચ ટેસ્ટ મેચોની સિરીઝ ૨૧ જાન્યુઆરીથી નાગપુરમાં શરૂ થવાની શક્યતા છે. મેકડોનાલ્ડે 'ક્રિકેટ. કોમ.એયૂ' ને જણાવ્યું હતું કે, અમને લાગે છે કે ત્યાંની પરિસ્થિતિઓમાં ઢળવા માટે અમારી પાસે પૂરતો સમય છે. અમે કોઈ પ્રોક્ટિસ મેચ રમવાના નથી. અમારું ધ્યાન માત્ર યોગ્ય લોકેશનપસંદ કરવા પર રહેશે. અમારી પાસે કેટલાક વિકલ્પો છે. અમે પહેલાં પણ યુએઈ ગયા છીએ અને છેલ્લી વખતે બેંગલુરુ પણ ગયા હતા, તેથી અમે હાલ એ સમજી રહ્યા છીએ કે ખેલાડીઓને કેવી રીતે યોગ્ય રીતે મેનેજ કરવા. જોકે, દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડ સામેની આગામી શ્રેણીઓ દરમિયાન ઓસ્ટ્રેલિયાની ટીમ સ્થાનિક ટીમો સામે પ્રવાસ મેચો રમશે.

ભારત સામેની આ ટેસ્ટ સિરીઝ એક મહિનાથી વધુ સમય ચાલશે, જે નાગપુર, ચેન્નાઈ, ગુવાહાટી અને રાંચીમાં રમાયા બાદ અમદાવાદમાં આખરી ટેસ્ટ સાથે પૂરી થશે. ઉલ્લેખનીય છે કે ઓસ્ટ્રેલિયાએ ૨૦૦૪-૦૫ની સીઝન પછી ભારતમાં કોઈ ટેસ્ટ સિરીઝ જીતી નથી.

સેન્ટ લુઇસ રેપિડ ચેસમાં પ્રજ્ઞાનંદાની સરસાઈ, હવે બ્લિટ્ઝ રાઉન્ડ રમાશે

સેન્ટ લુઇસ તા. 05 : ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનાનંદે સેન્ટ લુઇસ રેપિડ એન્ડ બ્લિટ્ઝ ટૂર્નામેન્ટના રેપિડ વિભાગમાં 18 માંથી 12 પોઇન્ટ મેળવીને ટોચનું સ્થાન મેળવ્યું છે.

આ જીત સાથે આ વર્ષના અંતમાં યોજાનારી 'ગ્રેન્ડ ચેસ ટૂર' ની ફાઇનલમાં પહોંચવાની તેની આશા જીવંત રહી છે.

9 રાઉન્ડ ધરાવતા આ રેપિડ વિભાગમાં પ્રજ્ઞાનાનંદે શાનદાર પ્રદર્શન અને ટેકનીક દર્શાવી હતી. જોકે, અંતિમ અને નવમા રાઉન્ડમાં ડચ જીએમ જોર્ડન વાન ફોરેસ્ટ સામે તેનો પરાજય થયો હતો, છતાં પણ તે ઉઝબેકિસ્તાનના જાવોખિર સિંદારોવ કરતાં 1 પોઇન્ટ આગળ રહીને ટોચ પર રહ્યો હતો.

આ ટૂર્નામેન્ટ માત્ર રેપિડ વિભાગ પૂરતી સીમિત નથી. હવે ટાઇટલ અને કુલ $200,000 (અંદાજે 1.67 કરોડ) ના ઇનામ માટે 18 બ્લિટ્ઝ મેચો રમાશે, જેમાં વિજેતાને $50,000 મળશે. રેપિડ વિભાગમાં 4 જીત અને 4 ડ્રો સાથે પ્રજ્ઞાનાનંદે 12 પોઇન્ટ મેળવ્યા છે. હવે તેનું સંપૂર્ણ ધ્યાન 18 ગેમ્સના બ્લિટ્ઝ વિભાગ પર રહેશે, જ્યાં દરેક જીત પર 1 પોઇન્ટ મળશે.

ઈરફાન સહિતના કેટલાક પાકિસ્તાની ક્રિકેટરો પર PCB પ્રતિબંધ મૂકી શકે

અનધિકૃત લીગ એશિયન લિજેન્ડ્સમાં રમવા બદલ પીસીબી કેટલાક ક્રિકેટર્સ પર બે વર્ષનો પ્રતિબંધ મૂકે તેવી સંભાવના

હાફીઝ, શોએબ, વહાબ, તનવીર, અકમલે નામ પાછા ખેંચ્યા પણ ઇરફાન, નઝીર, તૌફિક, યાસિર સહિતના ખેલાડી રમ્યા

લાહોર, તા. 05 (પીટીઆઈ) : ઝામ્બિયાના લુસાકામાં અનધિકૃત ટુર્નામેન્ટ એશિયન લિજેન્ડ્સ રમવા બદલ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા ફાસ્ટ બોલર મોહમ્મદ ઇરફાન સહિત કેટલાક માજી પાકિસ્તાની ખેલાડીઓ પર બે વર્ષનો પ્રતિબંધ લગાવી શકાય છે.

પીસીબીએ અહીં જારી કરેલા એક નિવેદનમાં સ્પષ્ટતા કરી છે કે એશિયન લિજેન્ડ્સ જેવી અનધિકૃત ટુર્નામેન્ટમાં ભાગ લેનારા ખેલાડીઓને શિસ્તભંગની કાર્યવાહીનો સામનો કરવો પડશે, જેમાં માન્યતા પ્રાપ્ત વિદેશી લીગમાં ભાગ લેવા પર બે વર્ષનો પ્રતિબંધ સામેલ છે. નિવેદનમાં જણાવાયું છે કે તે બે વર્ષ સુધી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ અથવા પાકિસ્તાન સુપર લીગમાં કોઈપણ ક્રિકેટ, કોચિંગ, સલાહકાર, માર્ગદર્શન અથવા અન્ય ક્ષમતામાં કામ કરી શકશે નહીં.

સૂત્રએ જણાવ્યું હતું કે લીગ માટે પાકિસ્તાન પેન્થર્સ ટીમમાં મોહમ્મદ હાફીઝ, શોએબ મલિક, વહાબ રિયાઝ, સોહેલ તનવીર અને ઉમર અકમલ જેવા ઘણા અગ્રણી પાકિસ્તાની ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો, પરંતુ લીગ અનધિકૃત હોવાનું જાણવા મળ્યા બાદ તેમણે પોતાના નામ પાછા ખેંચી લીધા હતા. જો કે મોહમ્મદ ઈરફાન, ઈમરાન નઝીર, તૌફીક ઉમર, રાહત અલી, યાસિર શાહ, ઝાહીદ મહમૂદ, હસન રઝા અને ઈબ્રાર હુસૈન જોકે 31 જુલાઈએ મેચ રમ્યા હતા.

પાકિસ્તાને વેસ્ટઈન્ડિઝ સામેની બીજી ટેસ્ટ આઠ વિકેટે જીતી

અબ્દુલ્લા શફીકની સદી પછી સાજિદ-ઉસ્માનની બોલિંગે પાકિસ્તાનને મજબૂતાઇ આપી

વેસ્ટઇન્ડિઝનો બીજો દાવ 117 રનમાં સમેટાતા મળેલો 75 રનનો લક્ષ્યાંક પાકિસ્તાને બે વિકેટે આંબ્યો

પોર્ટ ઓફ સ્પેન, તા. 05 : ટર્નિંગ પીચ પર રમાઈ રહેલી બીજી ટેસ્ટના રોમાંચક ત્રીજા દિવસના અંતે વેસ્ટ ઇન્ડીઝે બીજા દાવમાં 6 વિકેટે 103 રનનો સ્કોર બનાવીને પાકિસ્તાન પર 60 રનની સરસાઈ મેળવી હતી, જો કે આજે ચોથા દિવસે તેમણે પોતાની બાકીની ચાર વિકેટ 14 રનના ગાળામાં ગુમાવી દેતા તેઓ 117 રને ઓલઆઉટ થયા હતા અને તેના કારણે મળેલા 75 રનના લક્ષ્યાંકને પાકિસ્તાને બે વિકેટે આંબી લીધો હતો.

પાકિસ્તાને પોતાના બીજા દાવમાં 15 રનના સ્કોર પર પહેલી વિકેટ ગુમાવી હતી, જો કે તે પછી શફીક અને અવેસે સ્થિતિ સ્થિર કરી હતી, અવેશ આઉટ થયા પછી બેટિંગમાં આવેલા કેપ્ટન બાબર આઝમ શફીક સાથે ટીમને જીત સુધી દોરી ગયો હતો. પાકિસ્તાને બીજી ટેસ્ટ જીતતાની સાથે જ 2023 પછી વિદેશની ધરતી પર પોતાની પ્રથમ ટેસ્ટ જીતી હતી.

ત્રીજા દિવસે અબ્દુલ્લા શફીકના નોટઆઉટ 160 રનની મદદથી પાકિસ્તાને વેસ્ટ ઇન્ડીઝના પ્રથમ ઇનિંગ્સના 344 રનના સ્કોર સામે 387 રનનો સ્કોર બનાવીને 43 રનની સરસાઇ મેળવી હતી. તે પછી વેસ્ટઇન્ડિઝ વતી તેગનારાયણ ચંદ્રપોલ અને કાવેમ હોજે 40 રનની ઓપનિંગ પાર્ટનરશિપથી લગભગ આ સરસાઈ સરભર કરી દીધી હતી. પરંતુ તે પછી સાજિદ ખાને 32 રનમાં 4 વિકેટ અને અલી ઉસ્માને 29 રનમાં 2 વિકેટ ઝડપીને દિવસના અંતે વેસ્ટ ઇન્ડીઝની છ વિકેટ ખેરવતા પાકિસ્તાનની સ્થિતિ મજબૂત થઈ હતી.

ઓસ્ટ્રેલિયન ઓપન 2027માં 'વન પોઈન્ટ સ્લેમ'ની વાપસી

મુખ્ય મેચો પહેલા રમાનારી આ સ્પર્ધામાં વિજેતાને મળશે 10 લાખ ઓસ્ટ્રેલિયન ડોલરનું ઈનામ

મેલબર્ન, તા. 05 (AP) : ઓસ્ટ્રેલિયન ઓપને જાહેરાત કરી છે કે દર્શકોમાં અત્યંત લોકપ્રિય બની ચૂકેલી '૧ પોઈન્ટ સ્લેમ' ટૂર્નામેન્ટ 2027ના પ્રથમ ગ્રાન્ડ સ્લેમમાં ફરીથી યોજાશે. 17થી 31 જાન્યુઆરી દરમિયાન મેલબર્ન પાર્ક ખાતે શરૂ થતી મુખ્ય મેચો પહેલાં આ સ્પર્ધા રમાશે, જેમાં વિજેતાને ૧૦ લાખ ઓસ્ટ્રેલિયન ડોલર (7,05,000 ડોલર) નું ઈનામ આપવામાં આવશે.

ગયા વર્ષે જોર્ડન સ્મિથ નામના સ્થાનિક અમેચ્યોર ખેલાડીએ જેનિક સિનર જેવા દિગ્ગજ ખેલાડીને હરાવ્યા બાદ આ ટૂર્નામેન્ટ જીતીને ઈતિહાસ રચ્યો હતો. ફાઈનલ મેચમાં તાઈવાનની મહિલા ખેલાડી જોઆના ગાર્લેન્ડનો બેકહેન્ડ શૉટ બહાર જતાં જ સ્મિથ આ ઈનામ જીતીને કરોડપતિ બની ગયો હતો.

આ સ્પર્ધાની ખાસિયત એ છે કે આખી મેચ માત્ર એક જ પોઈન્ટ પર રમાય છે. નોકઆઉટ ફોર્મેટની આ ટૂર્નામેન્ટમાં પુરુષો, મહિલાઓ, પ્રોફેશનલ ખેલાડીઓ, સ્થાનિક સ્પર્ધકો અને સેલિબ્રિટીઓ પણ ભાગ લે છે. ગયા વર્ષે કાર્લોસ અલ્કારાઝ, ઈગા શ્વિઆતેક, કોકો ગફ અને નાઓમી ઓસાકા જેવા ટોચના ખેલાડીઓએ પણ આમાં ભાગ લીધો હતો.

હાથની ઇજાથી અલ્કારાઝ સિનસિનાટી ઓપનમાંથી બહાર

સિનસિનાટી, તા. 05 : એપ્રિલ મહિનાથી જમણા હાથના કાંડાની ઈજાથી પીડાતા કાર્લોસ અલ્કારાઝે મંગળવારે સિનસિનાટી ઓપનમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. વિશ્વના બીજા ક્રમાંકિત આ સ્પેનિશ ખેલાડીને આ હાર્ડ-કોર્ટ ટૂર્નામેન્ટમાં પોતાના ટાઇટલનો ડિફેન્ડ કરવા માટે વાપસી કરવાની આશા હતી, જે યુ.એસ. ઓપન માટે મહત્વપૂર્ણ વોર્મ-અપ માનવામાં આવે છે. ટૂર્નામેન્ટ ડાયરેક્ટર બોબ મોરાને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમે જાણીએ છીએ કે કાર્લોસ જેટલું બની શકે તેટલું જલ્દી ટૂર્નામેન્ટમાં પાછા રમવા માટે તમામ પ્રયાસો કરી રહ્યો છે. અમે તેની ઝડપી રિકવરી માટે શુભેચ્છા પાઠવીએ છીએ અને ભવિષ્યમાં સિનસિનાટીમાં તેનું સ્વાગત કરવા આતુર છીએ. અલ્કારાઝ છેલ્લે બાર્સેલોના ઓપનમાં રમ્યો હતો, ત્યારબાદ તે ફ્રેંચ ઓપન અને વિમ્બલડન સહિત સમગ્ર ગ્રાસ-કોર્ટ સીઝનમાં રમી શક્યો ન હતો.

રેકેટલોન ચેમ્પિયનશિપમાં વિક્રમાદિત્ય ભારતનું નેતૃત્વ કરશે

નવી દિલ્હી, તા. 05 : વિક્રમાદિત્ય ચોફલાના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમ આવતીકાલે ગુરુવારથી રોટરડેમમાં શરૂ થઈ રહેલી રેકેટલોન વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સતત ત્રીજી વખત ટાઇટલ જીતવાનું લક્ષ્ય રાખશે. રેકેટલોન ઈન્ડિયા સ્પોર્ટ્સ એસોસિએશન દ્વારા ભારતની છ સભ્યોની ટીમની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં ચોફલા, પ્રશાંત સેન, મોનિશ મશરુવાલા, અક્ષય ગાંધી, રાઘવ જાટિયા અને નિધિ તિવારીનો સમાવેશ થાય છે. આ ટીમ ચેલેન્જ કપમાં ભાગ લેશે જેમાં ભારતે ગયા વર્ષે ટાઇટલ જીત્યું હતું. રેકેટલોન એક અનોખી રમત છે જે ટેબલ ટેનિસ, બેડમિન્ટન, સ્ક્વોશ અને ટેનિસને જોડે છે, અને વિજેતા ચારેય રમતોના કુલ સ્કોરને જોડીને નક્કી કરવામાં આવે છે.

યુરોપિયન ચેમ્પિયનશિપમાં શ્રેષ્ઠ રહેનારા એથ્લેટને 50,000 યુરોનું બોનસ મળશે

ગોલ્ડ ક્રાઉન ઇનિશિયેટિવ યોજના હેઠળ પુરૂષો અને મહિલાઓ માટે ઇવેન્ટ્સના પાંચ જૂથોમાં એથ્લેટ્સને પુરસ્કૃત કરાશે

બર્મિંઘમ, તા. 05 (AP) : યુરોપમાં રમતગમતની સર્વોચ્ચ સંસ્થા યુરોપિયન એથ્લેટિક્સે પુષ્ટિ કરી છે કે આવતા સપ્તાહે યોજાનારી યુરોપિયન ચેમ્પિયનશિપમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા 10 ટ્રેક-એન્ડ-ફીલ્ડ એથ્લેટ્સમાંથી પ્રત્યેકને 50,000 યુરોનું બોનસ આપવામાં આવશે. યુરોપિયન એથ્લેટિક્સે જણાવ્યું હતું કે 2024માં રોમ ખાતે શરૂ કરાયેલી તેમની ગોલ્ડ ક્રાઉન ઈનિશિયેટિવ યોજના હેઠળ બર્મિંઘમમાં પુરૂષો અને મહિલાઓ બંને માટે ઈવેન્ટ્સના પાંચ જૂથોમાં એથ્લેટ્સને પુરસ્કૃત કરવામાં આવશે. યુરોપિયન એથ્લેટિક્સે જણાવ્યું કે, વર્લ્ડ એથ્લેટિક્સના સ્કોરિંગ ટેબલનો ઉપયોગ કરીને પોતપોતાની ફાઈનલમાં સર્વોચ્ચ સ્કોરિંગ પ્રદર્શન કરનાર પ્રત્યેક જૂથના એક એથ્લેટને આ બોનસ અને 'ગોલ્ડ ક્રાઉન' આપવામાં આવશે. સ્વીડનના ઓલિમ્પિક ચેમ્પિયન પોલ વાલ્ટર અર્માન્ડ "મોન્ડો" ડુપ્લાન્ટિસ આ પુરસ્કાર મેળવનારા પ્રથમ ખેલાડીઓમાં સામેલ હતા. યુરોપિયન એથ્લેટિક્સે ઉમેર્યું હતું કે શ્રેષ્ઠ એથ્લેટ્સને આકર્ષવા અને ચાહકો, સ્પોન્સર્સ તથા બ્રોડકાસ્ટર્સ માટે શ્રેષ્ઠ શક્ય ઈવેન્ટ બનાવવાના" ઉદ્દેશ્ય સાથે આપવામાં આવતું આ 5,00,000નું કુલ બોનસ 2024ની રકમ જેટલું જ છે. આ નિર્ણય એથ્લેટ્સને નાણાકીય રીતે પ્રોત્સાહિત કરવાના વ્યાપક પ્રયાસોનો એક ભાગ છે. સાત દિવસીય યુરોપિયન ચેમ્પિયનશિપ આવતા સોમવારથી એલેક્ઝાન્ડર સ્ટેડિયમ ખાતે શરૂ થઈ રહી છે.

સ્વિમર ચાડ લે ગ્લાસગોમાં હતો ત્યારે કેપ ટાઉનમાં તેનું ઘર બળીને ખાખ થયું

કેપટાઉન, તા. 05 (એપી) : દક્ષિણ આફ્રિકાના ઓલિમ્પિક્સ ચેમ્પિયન સ્વિમર ચાડ લે ક્લોસે જણાવ્યું છે કે, તે ગ્લાસગોમાં કૉમનવેલ્થ ગેમ્સમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને સૌથી વધુ મેડલ જીતનારો એથ્લેટ બન્યો તેના બીજા જ દિવસે દક્ષિણ આફ્રિકા સ્થિત તેનું ઘર આગમાં નષ્ટ થઈ ગયું હતું. લે ક્લોસે મંગળવારે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, 30 જુલાઈના રોજ જ્યારે તે સ્કોટલેન્ડના ગ્લાસગોમાં ગેમ્સમાં ભાગ લઈ રહ્યો હતો, ત્યારે કેપ ટાઉનમાં આવેલી તેની એપાર્ટમેન્ટ બિલ્ડિંગમાં આગ લાગી હતી. આ આગમાં જે કેટલાક ફ્લેટ બળીને ખાખ થઈ ગયા હતા તેમાં તેનો ફ્લેટ પણ સામેલ હતો.

34 વર્ષીય દક્ષિણ આફ્રિકાના આ સ્વિમરે આગ લાગવાના એક દિવસ પહેલા જ પુરુષોની 4x100 મીટર મેડલે રિલેમાં બ્રોન્ઝ મેડલ જીતીને કૉમનવેલ્થ ગેમ્સનો તેનો 21મો મેડલ મેળવ્યો હતો, જે એક નવો રેકોર્ડ છે. દુઃખની વાત એ છે કે મારું ઘર, જ્યાં હું એક દાયકાથી વધુ સમયથી રહેતો હતો, તે સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયું છે અને ત્યાં બચાવવા માટે કંઈપણ બાકી રહ્યું નથી.

આજનું પંચાંગ

તા. 06/08/2026, ગુરુવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** અષાટ
તિથિ: વદ : આઠમ: 18:54
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : શ્રાવણ: 15
યોગ : ગંડ **કરણ:** બાવલ
નક્ષત્ર : ભરણી: 20:14
રાશિ: મેષ (અ,લ,ઈ) 25:54 પછી વૃષભ (બ,વ,ઊ)
દિવસ : સામાન્ય
સુરતમાં સૂર્યોદય : 06:15 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:13
નવકારસી : 07:03
પારસી વર્ષ : 1395 સ્પેન્દારમદ માસનો 27મો રોજ
મુસલમાન વર્ષ : 1448 સફર માસનો 22મો રોજ
દિવસનાં ચોઘડિયાં: શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
રાત્રિનાં ચોઘડિયાં: અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
રાહુકાળ: બપોરે: 13:30 થી 15:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): નોકરી ધંધાર્થે પ્રવાસ અનુકુળ રહે. રોમેન્ટીક મુલાકાત થાય. દાંપત્યમાં તાલમેળ રહે. પ્રેમમાં મદદ મળે.

વૃષભ (બ,વ,ઉ,): ભાગ દોડમાં પરિવાર માટે સમય વિતાવી શકાય. થાકનો અનુભવ થાય. વિદેશ માટેની તક મળે. ખર્ચા વધશે.

મિથુન (ક,છ,ઘ,): મિત્રોની મદદથી સામાજીક કાર્ય પાર પડે. સંતાનોની સમસ્યા સતાવે અભ્યાસમાં નવુ શિખવા મળે.

કર્ક (ડ,હ,): નોકરીમાં નામ તક ઊભી થાય. ધંધામાં આવક વધે. સમાજમાં માન મળે. મિલન-મુલાકાત થાય.

સિંહ (મ,ટ,): કોઈ ભેટ કે ઈનામ મળી શકે છે. પ્રગતિ માટે તક મળે. ધાર્મિક સાહિત્યના કામમાં આવક વધે.

કન્યા (પ,ઠ,ણ,): આરોગ્ય નરમ રહે. વડીલોની સમસ્યા રહે. સરકારી કામમાં પ્રગતિ થાય. ઉઘરાણી આવી શકે છે.

તુલા (ર,ત,): સામાજીક માન વધે. તેવા કામ પાર પડે. રોજની આવક વધે. ઉંમર લાયકને યોગ્ય પાત્ર મળે.

વૃશ્ચિક (ન,ય,): નોકર-ચાકરથી સાવધાન, હરીફો હેરાન કરે. માનસિક અશાંતિ રહે. અચાનક સફળતા મળે.

ધન (ભ,ધ,ફ,ઢ,): મિત્રો સંબંધીઓને મદદરૂપ બનશો. બુદ્ધિ અને વ્યવહાર કુશળતાથી સફળતા મળે. આવક વધે.

મકર (ખ,જ,): વડીલોની સલાહથી અટકેલા કામમાં ગતિ આવે. ઘરના કામનો બોજ રહે. નોકરીમાં તક મળે.

કુંભ (ગ,સ,શ,ષ,): પાર્ટી-પીકનીકમાં વ્યસ્ત રહેવાનું બને. મિત્રો સાથે વિવાદથી અશાંતિ વધે. નવી તક મળે.

મીન (દ,ચ,ઝ,થ,): વાણી અને કુશળ વહીવટથી અચાનક સફળતા મળે. ઉઘરાણી આવે. ઘરમાં તાલમેળ રહે.

કોઈ પણ સાલમાં 06 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધામાં ટેકનોલોજીની મદદથી અનુકુળતા વધશે. આર્થિક બાબતે પ્રગતિ થાય. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. સમાજમાં માન વધે. તેવી પ્રવૃત્તિ થાય. આરોગ્ય સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાન બાબતે મદદ મળે. વારસા, જાયદાત, જમીન જેવા કામ પાર પડે. ઉંમર લાયકને યોગ્ય અને પ્રેમ વિવાહમાં અનુકુળતા મળે. સમાજ, ધંધા વગેરેમાં હરીફો વધશે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશના કામ ધીમાં પડે. સંતાનોના કામ, અભ્યાસ, કેરીયરમાં પ્રગતિ થાય, વડીલો મિત્રોની મદદ આવક વધારવામાં મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. એપ્રિલ-મે તથા સપ્ટેમ્બર, ઓક્ટબરો, શુક્ર-શનિવાર 06,15, 24 તારીખે નવા કામ કરવો. સફેદ રંગનો ઉપયોગ કરતા રહેવું. જુલાઈ, ઓગસ્ટ, બુધવાર, 01, 10,19,26, તારીખે નવા કામ ટાળવો. ભુરા રંગનો ઉપયોગ ઓછો કરવો. શુક્રવારના ઉપાય કરતા રહેવું.

સુડોકુ - 'ક્રૂટિ'

	૭	૮		૫		૯		૪
૪